પોલીસકર્મીઓનાં સંતાનોમાં સંસ્કારસિંચન કરવાનું કામ માતાઓ કરે છે : આનંદીબહેન પટેલ

મહિલાઓને આર્થિક રીતે પગભર બનવા અપીલ કરતા મુખ્યમંત્રી

હિંમતનગર, તા. ૧૨

સમાજની સુરક્ષા કરવાનું કપરું કામ કરી રહેલા પોલીસકર્મીઓ પોતાના

પરિવારને વધુ સમય આપી શકતા નથી. જેથી તેમના બાળકોમાં સારા સંસ્કારનું સિંચન કરવાનું અને સારું વાતાવરણ આપવાની જવાબદારી તેમના ઘરની મહિલાના સિરે આવે છે, તેમ મુખ્ય મંત્રી આનંદીબહેન પટેલે ખેડબ્રહ્મા પોલીસ કવાર્ટર્સ ખાતે પોલીસ પરિવાર સાથે વાર્તાલાપ દરમ્યાન જણાવ્યું હતું.

પોલીસ પરિવારની મહિલાઓને પોતાની દીકરીઓને સારું શિક્ષણ આપી પગભર બનાવવા માટે મુખ્ય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે પોલીસ પરિવારની મહિલાના સખીમંડળ બનાવી વિવિધ -વૃત્તિઓ કરવા સાથે આર્થિક રીતે પગભર બનવા માટે કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં નામ નોંધવી બ્યુટી પાર્લર, સિવણ જેવા તાલીમ વર્ગમાં જોડાવવા અપીલ કરી હતી.

૨૧મી સદીએ જ્ઞાનની સદી છે, તેમ જણાવી મુખ્યમંત્રીએ તેમણે પોલીસ કવાર્ટર્સના બાળકો તન - મનથી તંદુરસ્ત બને તે માટે લાયબ્રેરી અને સંકુલમાં બગીચો બનાવવા જિલ્લા વહીવટી તંત્રને જણાવ્યું હતું. પોલીસ પરિવારના બાળકો રમત ગમતમાં આગળ આવે તે માટે ખેલ મહાકુંભમાં નોંધણી કરાવવા જણાવ્યું હતું. સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે ઉપસ્થિત અધિકારીગણને સૂચના આપી હતી. મુખ્ય મંત્રી મતી આનંદીબહેન પટેલે પોલીસ કવાર્ટર્સમાં રહેતા પોલીસ પરિવારના નાના ભુલકાઓ, દીકરીઓ અને મહિલાઓ સાથે મુક્ત મને વાતચીત કરી આત્મિયતા કેળવી તેમના જીવનશૈલીની જાણકારી મેળવી હતી. આ સાથે મુખ્ય મંત્રીએ પોલીસ કવાર્ટર્સમાં રહેતા નાના ભુલકા, કિશોરીઓ અને સર્ગભા માતાઓને ફળ- ફળાદિ અને સુખડીનું વિતરણ કર્યું હતું.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

આ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા -ભારી મંત્રી તથા ગૃહ રાજય મંત્રી રજનીકાન્તભાઇ પટેલે જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી આનંદીબહેન પટેલના -યત્નોથી રાજયમાં મહિલા - બાળ વિકાસ વિભાગનો આરંભ થયો હતો. તેથી મુખ્યમંત્રી મહિલા સશક્તિકરણ અને બાળકોના વિકાસને -ધ્યાન્ય આપી રહ્યાં છે.

આ વાર્તાલાપ કાર્યક્રમમાં સાબરકાંઠાના જિલ્લા -ભારી સચિવ જયંતિ રવિ, જિલ્લા કલેકટર બંછાનિધીપાની, જિલ્લા પોલીસ વડા -વિણ માલ, પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારા, જિલ્લા ભાજપ -મુખ પૃથ્વીરાજભાઇ પટેલ સહિત મોટી સંખ્યામાં પોલીસ પરિવારના સભ્યો ઉપસ્થિત રહયાં હતાં.

સાબરડેરીમાં સુવર્ણજયંતિના નામે શક્તિ પ્રદર્શન જેઠાભાઈ પટેલને ભારે પડ્યું

મુખ્યમંત્રીના કાર્યક્રમમાં અફડા તફડીનો માહોલ સર્જાયો

મુખ્યમંત્રી મંચ ઉપર આવે તે પહેલા દૂધ ઉત્પાદકો ભોજન લઈ રવાના થઈ ગયા

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાની અગ્રેસર સાબરડેરીમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આજે સુવર્ણજયંતિની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અફડા-તફડીનો માહોલ સર્જાયો હતો. સુવર્ણજયંતિના નામે શક્તિ પ્રદર્શન કરવાનો કારસો ચેરમેન જેઠાભાઈ પટેલને ભારે પડ્યો હતો. સાબરડેરીની ક્ષમતા કરતા ગામેગામથી

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

દૂધ ઉત્પાદકોને બોલાવવામાં આવતાં અફડા-તફડીનો માહોલ સર્જાયો હતો. જમવામાં પણ થાળીઓ ઉછળી હતી. પાર્કિંગ અને ટ્રાફિક વ્યવસ્થાનો પણ અભાવ હોવાના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

સાબરડેરીમાં આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં સુવર્ણજયંતિ મહોત્સવ અને યુએચટી મિલ્ક પ્લાન્ટના ખાતમુર્હૂતનો એક કાર્યક્રમ સાબરડેરીના આયોજકો દ્વારા યોજવામાં આવ્યો હતો. સુવર્ણજયંતિ મહોત્સવના નામે યોજાયેલ શક્તિ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો આવે તે માટે જિલ્લાની તમામ દૂધ મંડળીઓને, દૂધ ઉત્પાદકોને લઈ આવવા જણાવવામાં આવ્યું હતું.

જેના કારણે મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ વ્યવસ્થાના અભાવના કારણે અફડા-તફડીનો માહોલ સર્જાયો હતો. જમવામાં પણ ભારે અવ્યવસ્થા સર્જાતાં થાળીઓ ઉછળી હતી. ભોજન વ્યવસ્થા કરતાં વધુ પ્રમાણમાં દૂધ ઉત્પાદકો આવતાં ખાવાનું ખૂટી ગયું હતું. જેને લઈ સાબરડેરીના વહીવટકર્તાઓને એલાન કરવાની ફરજ પડી હતી કે, જે લોકો ભોજનથી વંચિત રહ્યા છે તેમને દૂધ મંડળીના સેક્રેટરી દ્વારા ભોજનની વ્યવસ્થા હોટલમાં કરવી અને તેનું બીલ સાબરડેરી ચૂકવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. પાર્કિંગની વ્યવસ્થા ન હોવાના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. મુખ્યમંત્રી મંચ ઉપર આવે તે પહેલા દૂધ ઉત્પાદકો ભોજન લઈને ચાલતી પકડી હતી. ત્યારે ચેરમેન જેઠાભાઈ પટેલ શરમીંદા બન્યા હતા.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મંચ ઉપર આવે તે પહેલા સામાજીક ન્યાય અધિકારીતા મંત્રી રમણભાઈ વોરા, આરોગ્ય અને તબીબ મંત્રી નીતિનભાઈ પટેલ, કાયદા અને ન્યાયતંત્રના મંત્રી પ્રદીપસિંહ જાડેજા, જિલ્લા પ્રભારી અને ગૃહરાજ્યમંત્રી રજનીકાન્ત પટેલ, જળસંપત્તિ મંત્રી બાબુભાઈ બોખીરીયા દૂધ ઉત્પાદકોને જકડી રાખવા પ્રવચનો કરી રહ્યા હતા ત્યારે એટલી હદે અરાજકતા અને ઘોંઘાટનો માહોલ જોવા મળ્યો હતો કે જેને લઈ મંત્રીઓનું પ્રવચન સાંભળવામાં કોઈને સહેજ પણ રસ ન હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત દૂધ ઉત્પાદકો અંદરોઅંદર વાતો અને એકબીજાની હસીમજાક ઉડાવતા જોવા મળ્યા હતા.

ભાજપ શાસિત પાલનપુર પાલિકાના કથળતા જતા વહીવટનો પુરાવો..!

ફુલો-અત્તરોની નગરી નર્કાગાર બનતા સ્વચ્છતા માટે વોર્ડવાઈઝ ના. મામલતદારો મુકાયા

ડોર ટુ ડોર કચરા નિકાલ સહીતની સફાઈ ઝુંબેશમાં પાલીકા ઉણી ઉતરતા ખુદ જીલ્લા સમાહર્તાએ કરેલા હસ્તક્ષેપને આવકારતા નગરજનો

પાલનપુર, તા. ૧૨

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં ભાજપ મોવડી મંડળની ધૃતરાષ્ટ્રનીતીને પગલે સત્તાની સાઠમારી વચ્ચે ખેલાતા રાજકીય કાવાદાવાઓને પગલે વહીવટ કથળતો જતો હોવાની બુમરાણ મચી છે. ત્યારે પાલીકાના કથળતા જતા વહીવટની ગવાહી પુરા પાડતા એક ઘટનાક્રમમાં ખુદ જીલ્લા કલેકટરે પાલીકાના વહીવટમાં હસ્તક્ષેપ કરતા ચકચાર મચી જવા પામી છે. ફુલો-અત્તરોની નગરી પાલનપુર ગંધાઈ ઉઠી છે. ત્યારે નર્કાગાર બનેલા પાલનપુરમાં સફાઈ ઝુંબેશ બાબતે પાલીકા ઉણી ઉતરતા સફાઈ પરત્વે સદૈવ ચિંતિત રહેતા જીલ્લા કલેકટરને પાલીકાની વોર્ડવાઈઝ સફાઈ માટે નાયબ મામલતદારોને મુકવાની ફરજ પડી છે. જે પાલનપુર નગરપાલિકાની વહીવટી અક્ષમતાને પુરવાર કરે છે.

પાલનપુર નગરપાલિકાનો વહીવટ દિન-પ્રતિદિન વગોવાતો જાય છે. ત્યારે આપસી ટાંટયાખેંચને પગલે પાલીકા નગરજનોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં પણ ઉણી ઉતરી રહી છે. સત્તાની હુંસાતુંસીની અસર પાલીકાના વહીવટ પર વર્તાઈ રહી છે. જેના પગલે શહેરમાં સફાઈ પરત્વે દુર્લક્ષતા સેવાઈ રહી છે. અગાઉ ડોર ટુ ડોર કચરા નિકાલમાં લાખ્ખો રૂપિયાની કથિત ગેરરીતીઓના આક્ષેપો વચ્ચે હાલમાં બમણાં ભાવે ફરીએકવાર ડોર ટુ ડોર કચરાનું ટેન્ડર અપાયું હોવા છતાં ગામમાં ગંદકી ઠેરની ઠેર રહેવા પામી છે. પાલીકાના કથિત પ્રયાસો વચ્ચે વેપારીઓ ધ્વારા જાહેરમાર્ગો પર થતી ગંદકીને પગલે શહેર આખું ગંધાઈ ઉઠયું હોવાની લાગણી વચ્ચે પાલનપુરની સ્વચ્છતા બાબતે સરપ્રાઈઝ વીઝીટ કરનાર જીલ્લા કલેકટર દીલીપકુમાર રાણાએ પાલીકાની સફાઈ ઝુંબેશને ઘનિષ્ઠ બનાવવા માટે પાલીકાના વહીવટમાં હસ્તક્ષેપ કરતા પાલનપુરના તમામ ૧૪ વોર્ડવાઈઝ મહેસુલી અધિકારીઓ એવા સર્કલ ઓફીસરો સહીતના નાયબ મામલતદારોની સીધી નિમણુંક કરવામાં આવી છે. જેઓના હાથ નીચે પાલીકાના કર્મચારીઓને મુકીને શહેરમા સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવાના હુકમો જારી કરાયા છે. જોકે, સ્વચ્છતાના ચુસ્ત આગ્રહી જીલ્લા સમાહર્તા દીલીપકુમાર રાણાના આ પગલાંને નગરજનોમાંથી વ્યાપક આવકાર સાંપડી રહ્યો છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલીકાના વહીવટનો અસંતોષ સંગઠનમાં પણ ઉભરાયો!

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના અણઘડ વહીવટની અસર શહેર ભાજપ સંગઠન પર પણ વર્તાઈ રહી છે. પાલનપુર પાલીકાની મલાઈદાર કમીટી સહીતના વહીવટમાં પ્રવર્તી રહેલા અસંતોષની આગ શહેર ભાજપમાં પણ ભડકી ઉઠી હોવાની ચર્ચાએ વેગ પકડયો છે. પક્ષના હોદ્દેદારો કે કાર્યકરોને સાચી વાત કે વાસ્તવિકતા બયાન કરવા સામે પણ શિસ્તની ચાબુક બતાવી સદાય ડરાવી-ધમકાવી રખાતા હોવાની બુમરાણ વચ્ચે ગત ૧૫મી ઓગસ્ટે દેશની આઝાદીના પર્વ ટાણે જાણે પોતે પણ સ્વતંત્રતા મેળવી હોય તેમ શિસ્તરૂપી ગુલામની ઝંઝીરમાંથી મુકત થવાના અહેસાસ સાથે શહેર ભાજપના એક જવાબદાર હોદ્દેદારે પોતાનો ઉભરો ઠાલવ્યો હતો. જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે મોવડી મંડળની હાજરીમાં જ શહેર ભાજપના એક હોદ્દેદારે પોતાની હૈયાવરાળ ઠાલવતા પાલીકાની મલાઈદાર કમીટીમાં થયેલી ભાગબટાઈ અને તેમાં પાલીકાના કેટલાક પદાધિકારીઓ તથા જીલ્લા અને શહેર ભાજપના કેટલાક હોદ્દેદારોના છુપા આશીર્વાદ હોવાની બાબતે ખુલ્લેઆમ બંડ પોકારતા સ્તબ્ધ બનેલા ઉપસ્થિત નેતાઓએ સમગ્ર ઘટનાક્રમ પરત્વે અનદેખી કરી તેરી ભી ચુપ ઓર મેરી ભી ચુપની નીતી અપનાવી હોવાની વાતો ચર્ચાની એરણે ચડી છે. ત્યારે પાલીકાના નિરકુંશ વહીવટ પર લગામ તાણવા માટે પ્રસાશનનો ઉપયોગ કરાઈ રહ્યો હોવાની વાતો પણ વહેતી થઈ છે.

યુરીયાના પ્રાઈવેટ લાયસન્સ હોલ્ડરોને ૩ મહિનાથી ખાતર ન મળતાં ખેડૂતો પરેશાન

મોડાસા, તા. ૧૨

યુરીયાના ખાતરના હોલસેલરો પાસેથી રીટેલરોને આઈ.પી.એલ. આપવામાં આવતુ નથી. તેમજ બહાનાબાજી કરી રહ્યા છે. ગોડાઉનોમાં માલ નથી વિદેશથી પોર્ટ પર જહાજ યુરિયા લઈ આવ્યા નથી. માત્ર ગુજરાત સરકારની મંડળીઓમાંથી યુરીયા ખાતર મળી રહ્યું છે. જ્યારે પ્રાઈવેટ હોલ્ડરોની માંગ અનુસાર ખેતીવાડી વિભાગ યુરિયા ખાતર અપાવે તેવી માંગ થઈ રહી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તથા મેઘરજ તાલુકામાં વરસાદ સારો થયો હોવાથી ખેડૂતો દ્વારા મોટા પ્રમાણમાં વાવેતર કરવામાં આવેલ છે. જેને કારણે યુરિયા ખાતરની માંગ મોટા પ્રમાણમાં વધી ગઈ છે. ત્યારે જ પ્રાઈવેટ લાયસન્સ હોલ્ડરોને છેલ્લા બે-ત્રણ માસથી યુરીયા ખાતરનો એક પણ દાણો ન મળતાં ખેડૂતોને માંગ મુજબ પુરવઠો પહોંચતો નથી તેથી રાજ્ય સરકાર આઈ.પી.એલ. જેવી ખાનગી કંપનીઓનું યુરિયાનો સપ્લાય ચાલુ કરાવવામાં આવે તેવી માંગ છે. ગઈસાલ યુરિયા ખાતરની અછત સર્જાતા આ વર્ષે ખેતીવાડી વિભાગે આગોતરૂ આયોજન કરીને મોટા પ્રમાણમાં યુરીયાના ખાનગી દુકાનદાર પેઢીઓ લાયસન્સ ફાળવેલ હતા. પરંતુ આઈ.પી.એલ. કંપનીનું યુરીયાનો સ્ટોક છેલ્લા ૨-૩ મહિનાથી ખુટી જતાં ખાનગી લાયસન્સ ધારકોને યુરીયા ખાતર મળતુ નથી. કંપનીના અધિકારીઓ દ્વારા છેલ્લા ૨-૩ મહિનાથી ગલ્લા તલ્લા કરી એક જ વાતનું સત રટણ કરી રહ્યા છે કે આગળથી સપ્લાય મળતો નથી. હાલ મંડળીઓનું ગુજરાત સરકારના ઈફ્કો, સરદાર નામના બ્રાન્ડના યુરિયા આપવામાં આવે છે. આ યુરિયા ખાતર પ્રાઈવેટ હોલ્ડરોને મળતો નથી. તેમજ અમુક વેપારીઓ જોડે યુરિયાનો સ્ટોક છે. તેવા વેપારીઓ દ્વારા કાળાબજાર કરી રહ્યા છે. આમ ગુજરાત સરકારનુ ખેતીવાડી વિભાગ આઈ.પી.એલ. કંપનીનો સપ્લાય ચાલુ કરાવે અથવા ઈફ્કો, સરદારના ખાતરો પ્રાઈવેટ લાયસન્સ ધારકોને અપાવે તો જ ખેડૂતોને પડતી યુરિયાની તકલીફ દૂર થાય તેમ છે. જેને કારણે ખેડૂતોને નુકસાન ભોગવવાનો વારો ન આવે એવી ચિંતામાં ઘરકાવ થઈ ગયા છે.

ડીસા વિધાનસભા બેઠક કબજે કરવા બન્ને પક્ષોની કવાયત

ડીસા, તા. ૧૨

ગુજરાતમાં ભાજપના ૯ ધારાસભ્યો લોકસભાની ચૂંટણી લડીને સંસદમાં જતાં તેમની આ ૯ બેઠકો ખાલી પડતાં પેટા ચૂંટણી યોજાઈ રહી છે. આ બેઠકો ભાજપની ખાલી થઈ હોવાથી તમામ બેઠકો ફરી જીતીને જાળવી રાખવા ભાજપ તમામ તાકાત લગાવશે. આમ છતાં ગત ૨૦૧૨ની ચૂંટણીના પરિણામો જોતા અનેક પરિબળો બદલાયા હોવાથી કેટલીક બેઠકો ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે બરાબરનો મુકાબલો થવાની શક્યતા છે. ૨૦૧૨ માં જીતેલા ઉમેદવારની વ્યક્તિગત લોકચાહના આ ચૂંટણીમાં આ જ વ્યક્તિ અન્ય ઉમેદવારને એટલા મતો અપાવી શકે નહી. ભાજપના અને કોંગ્રેસના જે નવા ઉમેદવારો આવશે તેમની વ્યક્તિગત છબી મહત્વની બની રહેશે. ત્યારે બનાસકાંઠાના મુખ્ય વહેપારી મથક સાથે બટાટા નગરી તરીકે જાણીતા ડીસામાં ધારાસભ્ય એવા ભાજપના લીલાધરભાઈ વાઘેલા તાજેતરની લોકસભાની ચૂંટણીઓમાં પોતાના મંત્રી પદનો ત્યાગ કરી પાટણમાં કોંગ્રેસના ઠાકોર સમાજના મોટાગજાના નેતા અને ઉમેદવાર એવા ભાવસીંગ ઠાકોર સામે પાર્ટી આદેશે 'પાટણ લોકસભા' બેઠકના જંગમાં કુદ્યા હતા. જેમાં ભાજપના સુનામીમાં આ લોકસભા બેઠક પાટણ પરથી લીલાધરભાઈની જીત થઈ હતી. જ્યારે કોંગ્રેસના ભાવસીંગ હાર્યા હતા, જેથી સાંસદ એવા લીલાધરભાઈ વાઘેલા બાદની ખાલી પડેલી ડીસા વિધાનસભા બેઠક માટે આગામી ૧૩ સપ્ટેમ્બરે ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે આ બેઠકમાં હાલ ૮ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. જેમાં ૬ ઉપક્ષોને બાદ કરીએ તો મુખ્ય રાજકીય પક્ષો એવા ભાજદપના ઉમેદવાર લેબજી ચમનજી ઠાકોર અને કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ હમીરાભાઈ દેસાઈ વચ્ચે સીધો મુકાબલો છે.

ડીસા વિધાનસભા બેઠકમાં ૨૫૨ મતદાન મથક, ૧૨૦૫૧૨ પુરૂષ મતદારો, ૧૧૦૦૨૫ સ્ત્રી મતદારો જ્યારે સમગ્ર બેઠકના કુલ મતદારો ૨૩૦૫૩૭ છોડીસા બેઠક પર બે ટર્મથી લીલાધર વાઘેલા ચૂંટાઈ આવતા હતા. તેઓ ઠાકોર સમાજના મોટા નેતાછે અને ડીસા વિધાનસભામાં ઠાકોર મતો પ્રભાવી છે. તેમને પોતાને જે મત મળે એટલા મત તેઓ બીજા ઉમેદવારને અપાવી જ ન શકે. ડીસા શહેર ભાજપનો ગઢ રહ્યો છે. નગરપાલિકામાં આંતરિક વિખવાદ છતાં મતદારો ભાજપ તરફી વધુ માત્રામાં છે. ભાજપને આ બેઠક જીતવામાં ચૌધરી અને માળી સમાજનો સહકાર મળે એવી શક્યતા છે.

કસલપુરાના બે કિશોરોના કમોત થતા આવેદનપત્ર અપાયું

કાંકરેજ, તા. ૧૨

કાંકરેજના કસલપુરા ગામે નદીમાં ન્હાવા પડેલા બાળકોના મોત થતા ગ્રામજનોએ તંત્ર વિરૂદ્ધ ઉગ્ર આક્રોશ વ્યક્ત કરી નદીમાં આડેધડ

ખોદકામ કરનાર લીઝ ધારકો સામે કડક પગલા લેવા માંગ કરી છે.

કાંકરેજ તાલુકાના કસલપુરા ગામ પાસેથી બનાસ નદી પસાર થાય છે જ્યાં નદીના પટમાં લીઝધારકો દરરોજ બેરોકટોક બિન્દાસપણે ખોદકામ કરી રહ્યા છે. પરિણામે ઠેર ઠેર મોટા મોટા ખાડા પડી ગયા છે. ચોમાસાની સીઝનમાં નદીમાં પાણી ભરાતા નદીની ઊંડાઈ અંગે કોઈ ખબર નથી પડતી. દરમિયાન કસલપુરા ગામના બે કિશોરો નદીના પાણીમાં ન્હાવા પડતા અચાનક જ ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા બન્ને બાળકો મોતને ભેટ્યા હતા. આ ઘટનાના પગલે સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. તંત્રની બેદરકારી સામે ગ્રામજનોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. મૃતક બાળકોના પરિવારજનોએ આજે આ બનાવ સંદર્ભે નાયબ મામલતદાર બી.સી. ત્રિવેદીને ન્યાયિક તપાસ અંગે આવેદનપત્ર આપ્યું હતું. અને લીઝ ધારકો સામે કડક પગલા લેવા પણ માંગ કરી છે. (આશારામ રાવલ)

અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસે નાસતો આરોપી ઝડપી પાડયો

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે આજે એક વર્ષથી નાસતા ફરતા આરોપીને દબોચી લઈ મેઘરજ પોલીસ મથકન હવાલે કર્યો હતો.

અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાની સૂચના મુજબ અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસ દ્વારા ગુના આચરી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. દરમિયાન ગત રોજ જિલ્લા એલસીબીને એક વર્ષથી નાસતા ફરતા આરોપી અરવિંદ હેમતાભાઈ ડામોર (રહે. મેઘરજ)ને આજે ઝડપી લઈ મેઘરજ પોલીસને હવાલે કર્યો હતો. આ મામલે મેઘરજ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦